# Official Spokesperson's response to a media query regarding reports of vandalism, defacement and destruction of Buddhist archaeological sites in Pakistan occupied Jammu and Kashmir

June 03, 2020

# પાકિસ્તાન હસ્તકનાં જમ્મુ અને કાશ્મિરમાં બૌદ્ધ પુરાતત્વીય સ્થળોનાં તોડફોડ, છેદન અને નાશ કરવાનાં અહેવાલો સંબંધીત મીડિયાનાં પ્રશ્ન પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

જૂન 03, 2020

**પાકિસ્તાન હસ્તકનાં જમ્મુ અને કાશ્મિરમાં બૌદ્ધ પુરાતત્વીય સ્થળોનાં તોડફોડ, છેદન અને નાશ કરવાનાં અહેવાલો સંબંધીત મીડિયાનાં પ્રશ્નનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું હતું,**

"પાકિસ્તાનનાં ગેરકાનૂની અને બળપૂર્વકનાં કબજા હેઠળ રહેલા ભારતીય પ્રદેશનાં કથિત "ગિલગિટ-બાલ્ટિસ્તાન" ક્ષેત્રમાં સ્થિત અમૂલ્ય ભારતીય બૌદ્ધ વારસાનાં તોડફોડ, છેદન અને નાશ કરવાનાં અહેવાલો પર અમે પ્રબળ ચિંતા પાઠવી છે.

તે ગંભિર ચિંતાની બાબત છે કે પાકિસ્તાનનાં ગેરકાનૂની કબજા હેઠળ રહેલા ભારતીય પ્રદેશોમાં સજા-મૂક્તિ સાથે બૌદ્ધ ચિહ્નોનો નાશ કરવામાં આવી રહ્યો છે અને ધાર્મિક અને સાંસ્કૃતિક અધિકારો અને સ્વતંત્રતાઓ કચડી નાંખવામાં આવી રહ્યા છે. પ્રાચિન સભ્યતા અને સાંસ્કૃતિક વારસા માટે અનાદર દર્શાવતી આ પ્રકારની આત્યંતિક પ્રવૃત્તિઓ અતિ નિંદનીય છે.

આ અમૂલ્ય પુરાતત્વીય વારસાને પુનઃસ્થાપિત કરવવા અને સંરક્ષણ કરવા માટે અમારા તજજ્ઞોને તાત્કાલિક પ્રવેશ મળે તેવી અમે માંગણી કરી છે.

અમે ફરી એકવાર પાકિસ્તાનને આહ્વાન કરીએ છીએ કે ગેરકાનૂની રીતે હસ્તગત કરવામાં આવેલા તમામ પ્રદેશો તાત્કાલિક ખાલી કરવામાં આવે અને ત્યાં વસવાટ કરતા લોકોનાં રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક અદિકારોનાં એકંદર ઉલ્લંઘનો કરવાનું બંધ કરવામાં આવે."

**નવી દિલ્હી**
**જૂન 03, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.